# ઇ-ચલણ માં સુધારાની સત્તા આપવા બાબત.

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી
બ્લોક ન.-૬, ૨/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજય.
પરિપત્ર ક્રમાંક નં.- ડીએ/ઇ-ચલણ/સુધારા/સત્તા/ ૧૯૫૬
તારીખઃ- 20 MAR 2019

## પરિપત્ર

મોટર વાહન ખાતાની તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ. કચેરી તથા ચેકપોસ્ટ ખાતે તા. ૦૨.૦૬.૨૦૧૮ થી મેન્યુઅલ કામગીરી બંધ કરી ઇ-ચલણ સોફટવેરમાં મેમો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ઉપરોકત સોફટવેરમાં અગાઉના બાકી મેમો બેકલોગ એન્ટ્રી થી અધ્યતન કરેલ છે. સદર કામગીરીના અંતે નીચે મુજબની બાબતો ધ્યાને આવેલ છે. જે સબબ અત્રેની કચેરીને આરટીઓ/એઆરટીઓ અને ચેકપોસ્ટ મારફતે લેખિતમાં રજુઆતો પણ મળેલ છે.

- બેકલોગ કરવામાં આવેલ મેમોની અન્ય કોઇ કચેરી ખાતે અગાઉ મેન્યુઅલ વસુલાત થઇ ગયા બાદ પણ બાકી બતાવે છે.
- ઇ-ચલણમાં ડેટાએન્ટ્રી કરતી વખતે માનવીય ક્ષતિ થાય ત્યારે મેમોમાં સુધારો થઇ શકતો નથી.

ઉપરોકત બાબતોના કારણે વાહન-૪.૦ માં કોઇપણ પ્રકારની આરટીઓને લગતી કામગીરી થઇ શકતી નથી. જેથી જાહેર જનતાના હિતને અનુલક્ષીને ઇ-ચલણમાં સુધારા માટેની કામગીરીનો નિર્ણય આરટીઓશ્રી/એઆરટીઓશ્રી તેમજ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ દ્વારા થાય તે યોગ્ય જણાય છે. સદર કામગીરી સંવેદનશીલ હોઇ તે અંગેની તમામ જરૂરી વિગતો મેમોના ગુણવત્તાની કેસ ટુ કેસ ચકાસણી કર્યા બાદ જ યોગ્ય નિર્ણય કરવાનો રહેશે. ઇ-ચલણમાં સુધારા અંગેની સંપૂર્ણ જવાબદારી કચેરીના વડાની અંગત રહેશે. સદર કામગીરી અર્થે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું આથી જણાવવામાં આવે છે.

(૧) અરજદાર પાસેથી ઇ-ચલણમાં જરૂરી સુધારા અંગેની અરજી જરૂરી આધાર-પુરાવા સાથે લેવાની રહેશે.

(૨) ઇ-ચલણમાં સુધારા માટે અરજી સાથે આપવામાં આવેલ આધાર-પુરાવાની ચકાસણી કરી સુનાવણી કરવાની રહેશે.

(૩) ઇ-ચલણમાં સુધારા માટે કરેલ સુનાવણીનો સ્પીકીંગ ઓર્ડર કરી તેની સોફ્ટકોપી ઇ-ચલણમાં અપલોડ કરવાની રહેશે.

(૪) ઇ-ચલણમાં કરેલ સુધારા અંગેનું રજીસ્ટર આરટીઓ/એઆરટીઓ તથા ચેકપોસ્ટ ઇન્ચાર્જની સહી તથા સિકકા સાથે અધિકૃત કરી નિભાવવાનું રહેશે.

(૫) ઇ-ચલણમાં સુધારા માટેની કામગીરી ફકત કચેરીના વડા દ્વારા જ કરવાની રહેશે. આ કામગીરી કોઇને પણ સોંપવાની રહેશે નહીં.

(૬) ઇ-ચલણમાં સુધારા માટેની કરેલ કામગીરીનું અધિકૃત કરી નિભાવેલ રજીસ્ટર વાહનવ્યવહાર કમિશ્નર કચેરી તરફથી આવેલ ઓડીટ ટીમ પાસે ઓડીટ કરાવવાનું રહેશે.

વાહન વ્યવહાર કમિશ્નર
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>પ્રતિ,</u>

તમામ આરટીઓ/એઆરટીશ્રી તેમજ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી ને જાણ સારૂ તેમજ અમલ કરવા સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) ઓડીટ ટીમ, વાહનવ્યવહાર કમિશ્નરની કચેરી, ગાંધીનગર.

# રજીસ્ટર

| અ. નં. | વાહન નંબર | મેમો નંબર | મેમો તારીખ | રીસીપ્ટ નંબર | રીસીપ્ટ તારીખ | સુધારા અંગેનું કારણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

આરટીઓ/એઆરટઓશ્રી/ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીના

સહી તથા સિકકા